જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ
કચેરીઓના કાર્યક્ષેત્રના વિભાજન બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મસક/૧૦૨૦૧૩/૧૫૧૮/ફ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૬/૦૨/૨૦૧૪

**વંચાણે લીધાઃ–**

(૧) નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદનો તા.૧૯/૧૧/૨૦૧૩ નો પત્ર

**આમુખઃ–**

મહેસુલ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૧૩ ના નોટીફીકેશનથી સાત નવા જિલ્લાઓ ઉભા કરવામાં આવેલ હોઈ, સદર નવા જિલ્લાઓનો સમાવેશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીઓના કાર્યક્ષેત્ર નકકી કરવા પુનઃવિભાજીત કરી આ અંગેનો વહીવટી હુકમ કરવા માટે આમુખ ક્રમાંક (૧) થી નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદની કચેરીએ કરેલ દરખાસ્ત પર વિચારણા કરીને નીચે મુજબનો ફેરફાર આથી કરવામાં આવે છે.

**ઠરાવઃ–**

સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાને અંતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીઓના કાર્યક્ષેત્રના જિલ્લાઓના સત્તા વિસ્તારની નીચે દર્શાવ્યા મુજબ પુનઃરચના કરવાનું ઠરાવેલ છે.

| ક્રમ | કચેરીનું નામ | કાર્યક્ષેત્રનો જિલ્લાઓમાં વિભાજીત વિસ્તાર |
|---|---|---|
| (૧) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ | અમદાવાદ અને ગાંધીનગર |
| (૨) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, વડોદરા | વડોદરા, ખેડા, આણંદ, દાહોદ, પંચમહાલ(ગોધરા), છોટાઉદેપુર અને મહીસાગર(લુણાવાડા) |
| (૩) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સુરત | સુરત, વલસાડ, ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા(રાજપીપળા) અને તાપી(વ્યારા) |
| (૪) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, જામનગર. | જામનગર, જુનાગઢ, પોરબંદર, દેવભૂમી ધ્વારકા (ખંભાળીયા) અને ગીરસોમનાથ(વેરાવળ) |
| (૫) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટ | રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, મોરબી અને બોટાદ |
| (૬) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સાબરકાંઠા (હિંમતનગર) | સાબરકાંઠા અને અરવલ્લી (મોડાસા) |

| | | |
|---|---|---|
| (૭) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, કચ્છ(ભુજ) | કચ્છ–ભુજ |
| (૮) | જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, મહેસાણા | મહેસાણા, બનાસકાંઠા (પાલનપુર) અને પાટણ |

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ) ની તા.૬/૦૨/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય પંડયા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

<u>નકલ રવાના:–</u>

- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, શાહીબાગ, એરપોર્ટ રોડ, અમદાવાદજરૂરી કાર્યવાહી અર્થે.
- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ, સાબરકાંઠા (હિંમતનગર), કચ્છ(ભુજ), મહેસાણા
- નાણા સલાહકારશ્રી, (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા કલેકટરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ, સાબરકાંઠા (હિંમતનગર), કચ્છ(ભૂજ), મહેસાણા
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, રાજકોટ, સાબરકાંઠા(હિંમતનગર), કચ્છ(ભૂજ), મહેસાણા.
- શાખા સિલેકટ ફાઈલ.